**આંક–૧૩**

**શ્રી વાય. જી. મન્સુરી, ઔઘોગિક ન્યાયપંચ, અમદાવાદ સમક્ષ.**

**રેફરન્સ (આઈ.ટી.) નં. ૨૦/૨૦૨૦**

**પ્રથમ પક્ષકાર :** **મેનેજરશ્રી, એ.એમ.ટી.એસ.,**
જમાલપુર, અમદાવાદ

**વિરુઘ્ધ**

**બીજા પક્ષકાર :** **મંત્રીશ્રી, એએમટીએસ કર્મચારી સંઘ,**
વોરાજીની ચાલી, હીરાવાડી ક્રોસ રોડ,
સૈજપુર બોઘા, અમદાવાદ.

**વિષય :–** **ઔઘોગિક વિવાદ અઘિનિયમ–૧૯૪૭ની કલમ ૧૦(૧) હેઠળ ન્યાય નિર્ણય બાબતનો રેફરન્સ.**

**<u>–: ચુ કા દો :–</u>**

૧. ગુજરાત રાજયના નાયબ શ્રમ આયુકતશ્રી, અમદાવાદના તા. ૩૦–૧–૨૦૨૦ ના હુકમ ક્રમાંક : કેએચ.એચએસએમસી/આર/ક/૩૪૫૧૧/આઈડીઆર/એજે/૩૪૫/૨૦૧૯, થી પક્ષકારો વચ્ચેની નીચેની અનુસૂચિમાં જણાવ્યા મુજબની માગણીઓની ઔઘોગિક તકરાર ઉપસ્થિત થતાં તે અંગેનો ન્યાય નિર્ણય કરવા આ રેફરન્સ કેસ ઔઘોગિક ન્યાયપંચ, અમદાવાદને સુપરત કરવામાં આવેલ છે.

**અ નુ સૂ ચિ**

**(૧) પટેલ મુકેશકુમાર આનંદભાઈ ડ્રાયવર બેજ નં.૧૫૬૯ ની દાખલ તારીખ ૨૧/૪/૧૯૯૯ થી કાયદેસરની પ્રકિયા ઘ્વારા ભરતી થયા હોવાથી તેમણે પાંચ વર્ષ અને ૯૦૦ દિવસની નોકરી થઈ તે તારીખથી કાયમી એકટીંગ કરવા અને ત્યારથી જ તેમણે કાયમી ડ્રાયવર/કંડકટરના લાભો આપવા કે કેમ ?**

**(૨) તા.૧–૩–૨૦૦૨ થી તા.૨૮–૧–૨૦૦૬ સુધીના સમયમાં સંસ્થાએ કરેલ કામ બંધીના સમયને ચાલુ નોકરી ગણી ૧૦૦ ટકા પગાર અને સંસ્થા ૨૦૦૬ સુધી ફરીથી**

**કામે રાખ્યા સુધીનું પગાર ચુકવી આપવા કે કેમ ?**

**(૩) પટેલ મુકેશકુમાર આનંદભાઈ કાયદાની પ્રકિયા ધ્વારા કાયદેસર નિમણુક પામેલ હોઈ દરેક વર્ષમાં વાર્ષિક ઈજાફા આપવામાં આવ્યા હોવાથી તેઓ ૯,૧૮,૨૭ ની સ્કીમ મુજબ અને ત્યાર બાદ ૧૨/૨૪ ની સ્કીમ મુજબ ઉચ્ચતર પગાર ધોરણનું લાભ આપવો કે કેમ ?**

**(૪) પટેલ મુકેશકુમાર આનંદભાઈ સને ૨૦૦૬ થી દરેક દરેક વર્ષમાં ઈજાફા પાત્ર નોકરી કરેલ છે તેથી ૨૦૧૪ સુધી વાર્ષિક ઈજાફાની ગણતરી કરી ૨૦૧૪ ના પગાર ફીકસેશન કરવું અને ૨૦૧૬ માં સાતમા વેતન પંચ પ્રમાણે ફીકસેશન કરવું તેમજ તફાવતની રકમ ૧૮ ટકા વ્યાજ સાથે ચુકવી આપવો કે કેમ ?**

**(૫) પટેલ મુકેશકુમાર આનંદભાઈને તેમની દાખલ તારીખથી ૨૦૧૪ સુધીની સળંગ નોકરી ગણી ઉપરોકત તમામ સમય પેન્શન, ગ્રેજયુઈટી, ઈન્ક્રીમેન્ટ માટે સળંગ ગણવાની અને આ સમયને નિવૃતિના લાભો સળંગ સર્વિસ ગણવી કે કેમ ?**

**(૬) પટેલ મુકેશકુમાર આનંદભાઈને તેમની દાખલ તારીખથી ગ્રેડ પ્રમાણે પગાર ન ચુકવીને ઉચ્ચક પગાર ચુકવેલ છે તેના બદલે તા.૧–૧–૨૦૦૬થી વેતન પંચ પ્રમાણે પગાર ચુકવી આપવો તથા તફાવતની રકમ ૧૮ ટકા વ્યાજ સાથે ચુકવી આપવા કે કેમ?**

**(૭) આ ઔધોગિક વિવાદના ખર્ચ પેટે ૨૦૦૦૦/– યુનીયનને ચુકવી આપવી કે કેમ?**

**૨.** ઔધોગિક અદાલત, અમદાવાદ ધ્વારા યોજાયેલ તા. ૨૬–૬–૨૦૨૨ ના રોજની નેશનલ લોક અદાલતમાં આ કામના બીજા પક્ષકારના પ્રતિનિધિશ્રી તરફથી આંક– ૧૨ મુજબની પુરસીસ આપી એવું જાહેર કરેલ છે કે, સદર વિવાદના સંબંધીત કામદારના કેસ ફરી ફાઈલ કરવાની શરતે નામ. કોર્ટ સમક્ષ આ જ કામદારના બીજા પડતર રેફરન્સ કેસો હોવાથી સદર કેસ તેઓ પાછો ખેચવા માગે છે તો તે મુજબ કેસ પાછો ખેંચવાની પરવાનગી આપવા વિનંતી કરેલ છે. સદર પુરસીસની વિગતો ધ્યાને લેતાં, બીજા પક્ષકારને આ કામે કામદારના બીજા પડતર રેફરન્સ કેસો હોવાથી આ કેસ ફરી ફાઈલ કરવાની શરતે કેસ પાછો ખેચવાની પરવાનગી આપવામાં કંઈ હરકત સરખું ન હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

**(૧)** બીજા પક્ષકારના પ્રતિનિધિશ્રીની આંક-૧૨ ની પુરસીસ મુજબ આ રેફરન્સ કેસ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે અને તે રીતે આ રેફરન્સ ફેંસલ કરવામાં આવે છે.

**(૨)** ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

અમદાવાદ.
તા.૨૬-૬-૨૦૨૨

(યુનુસસલીમ ગુલામનબી મન્સુરી)
ઔદ્યોગિક ન્યાયપંચ,ગુજરાત
અમદાવાદ
GJ-00560

આરએમપંચાલ, પીપીએસ